વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

**વંચાણે :** અત્રેની કચેરીનો પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૩૯/૨૦૧૯ નવસારી તા.૦૮/૧૧/૨૦૧૯

## પરિપત્ર

**કૃષિલક્ષી વિડીયો ફિલ્મ સબંધી કામગીરી માટેનો રેટ કોન્ટ્રાકટ લંબાવવા બાબત...**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ફરજ બજાવતાં તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, કૃષિલક્ષી વિડીયો ફિલ્મ સબંધી કામગીરી માટે "ડીજીટલ એગ્રી મીડીયા, ૪૧૪, વ્હાઈટ હાઉસ, ચ.૩ પાસે, સેકટર–૧૧, ગાંધીનગર" (મો.: ૯૪૨૭૦૫૦૭૩૩) સાથેનો રેટ કોન્ટ્રાકટ ૨૪/૧૦/૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલ થઈ ગયેલ છે.

માન.કુલપતિશ્રીની મંજૂરીથી ખાસ કિસ્સામાં ઉપર્યુકત પાર્ટી સાથેનો રેટ કોન્ટ્રાકટ અગાઉ મંજૂર થયેલ નીચે દર્શાવ્યા મુજબના જુના ભાવોથી વધુ એક વર્ષ માટે એટલે કે **તા.૨૫/૧૦/૨૦૧૯ થી તા.૨૪/૧૦/૨૦૨૧** સુધી લંબાવવામાં આવે છે.

| અ.નં. | કૃષિલક્ષી વિડીયો ફિલ્મનો સમયગાળો/વિગત | નંગ | કિંમત (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ૧૦ મિનિટ સુધીની ફિલ્મ | ૧ | ૮૦,૦૦૦/– |
| ૨ | ૧૧ થી ૧૫ મિનિટ સુધીની ફિલ્મ | ૧ | ૯૦,૦૦૦/– |
| ૩ | ૧૬ થી ૨૦ મિનિટ સુધીની ફિલ્મ | ૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૪ | ૨૧ થી ૩૦ મિનિટ સુધીની ફિલ્મ | ૧ | ૧,૧૦,૦૦૦/– |
| ૫ | ૩૧ થી ૪૫ મિનિટ સુધીની ફિલ્મ | ૧ | ૧,૨૦,૦૦૦/– |
| ૬ | ૪૫ મિનિટથી વધુ સમયની ફિલ્મ | ૧ | ૧,૩૦,૦૦૦/– |
| ૭ | યુનિવર્સિટીના રેટ કોન્ટ્રાકટ સિવાય પાર્ટીએ પોતાની રીતે તૈયાર કરેલ કૃષિલક્ષી વિડીયો ફિલ્મની ડીવીડીની એક નકલ (પ્લાસ્ટીક કવર અને સ્ટીકર પ્રિન્ટીંગ સાથે)ના ભાવ | ૧ | ૯૦/– |
| ૮ | યુનિવર્સિટી સાથે ભુતકાળમાં થયેલ/થનાર રેટ કોન્ટ્રાકટ હેઠળ પાર્ટીએ તૈયાર કરેલ કૃષિલક્ષી વિડીયો ફિલ્મની ડીવીડીની એક નકલ (પ્લાસ્ટીક કવર અને સ્ટીકર પ્રિન્ટીંગ સાથે)ના ભાવ | ૧ | ૩૫/– |

વિડીયો ફિલ્મ તૈયાર કરાવવાની કામગીરી માટેની શરતો અને બોલીઓ આ સાથે સામેલ કરેલ છે.

આ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–26/૨૦૨૦
નવસારી તા.૧૩/૧૧/૨૦૨૦

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

# નવસારી કૃષિ યુનિવર્સિટી

## • વિડીયો ફિલ્મ તૈયાર કરવાની શરતો અને બોલીઓ •

૧. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાની કામગીરી નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો/વિભાગો માટે તેમજ કૃષિ મહોત્સવ માટે કરવાની રહેશે.

૨. કૃષિ મહોત્સવ દરમ્યાન વીસીડીની નકલોની સંખ્યા સામાન્ય રીતે વધુ હોય છે પરંતુ વિવિધ કેન્દ્રો/ વિભાગો દ્વારા નકલોની સંખ્યા તેઓની જરૂરીયાત મુજબ ઓછી પણ હોઈ શકે છે.

૩. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) માટેની સ્ક્રીપ્ટ જે તે સંબધિત કચેરીના વડા પાસે અગાઉથી મંજૂર કરાવવાની રહેશે અને તેઓની સૂચનાનુસાર જરૂરી સુધારા વધારા કરીને નિર્માણ કાર્ય શરૂ કરવાનું રહેશે.

૪. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) ટેલીવીઝન ઉપરથી પ્રસારીત કરી શકાય તેવા ડીજીટલ ફોર્મેટમાં તૈયાર કરી આપવાની રહેશે. વીસીડીની ફાઈનલ માસ્ટરકોપી ડીવીસી અથવા ડીવીસી પ્રો માં અને સાથે ડીવીડી પાંચ કોપીમાં તેમજ મીનીડીવીડી એક કોપીમાં આપવાની રહેશે.

૫. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) જરૂરીયાત મુજબ સ્થાનિક બોલીમાં ગુજરાતી, હિન્દી તથા જરૂર જણાય ત્યાં અંગ્રેજી ભાષામાં તૈયાર કરી, જરૂર પડે તો સ્થાનિક ખેડૂત ભાઈઓ/બહેનોના અવાજનો ઉપયોગ કરીને ડબીંગ કરી આપવાની રહેશે.

૬. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર થયા બાદ સંબધિત કચેરીના વડા સમક્ષ રજૂ કરી તેમના સૂચનો મુજબ સુધારા વધારા કરી, વીસીડીની વધારાની નકલો કચેરીના વડા જણાવે તેટલી સંખ્યામાં તૈયાર કરી આપવાની રહેશે.

૭. વિડીયો ફિલ્મ બનાવવાની કામગીરી સમયમર્યાદામાં પુરી કરવામાં નહીં આવે તો યુનિવર્સિટી દ્વારા નિયુકત કમિટીના સભ્યો જે દંડનાત્મક રકમ નકકી કરે તે કુલ બીલમાંથી કાપીને આખરી ચૂકવણું કરશે.

૮. વિડીયો ફિલ્મની ઓડિયો અને/અથવા વિડીયોની ગુણવત્તા નબળી જણાશે તો યુનિવર્સિટીની નિયુકત કમિટીની સૂચના મુજબ પરફોર્મન્સ ગેરંટી (સીકયોરીટી ડીપોઝીટ)ના નાણા જપ્ત કરવામાં આવશે.

૯. તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મમાં (દસ્તાવેજી ચિત્ર)માં કોઈપણ પ્રકારની વ્યાવસાયિક જાહેરાતો દર્શાવવાની રહેશે નહીં.

૧૦. તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર)ના તમામ કોપી રાઈટ તેમજ માલિકી હકકો નવસારી કૃષિ યુનિવર્સિટીના રહેશે.

૧૧. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) માટે કોઈ એડવાન્સ નાણાં આપવામાં આવશે નહી.

૧૨. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાના તમામ તબકકાની કામગીરીની તમામ જવાબદારી પાર્ટીની રહેશે અને યુનિવર્સિટી તરફથી તાંત્રિક માર્ગદર્શન સિવાય અન્ય કોઈ સગવડો/સવલતો જેવી કે કેમેરો, વાહન, હેલ્પર, રહેવા–જમવાની વ્યવસ્થા વગેરે પુરી પાડવામાં આવશે નહી.

૧૩. કામગીરીનો વર્ક ઓર્ડર આપવાની કે ન આપવાની સત્તાનો અધિકાર નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો રહેશે.

૧૪. દર્શાવેલ ભાવો તમામ ટેકસ સહિતના હોઈ તે મુજબ ગણતરી કરીને બીલ આપવાનું રહેશે.

૧૫. કામગીરી પૂર્ણ થયેથી જે તે વિભાગના વડા જણાવે તે નામનું બીલ ત્રણ નકલમાં આપવામાં આવશે.

સ્થળ : નવસારી
તારીખ :૧૩/૧૧/૨૦૨૦

**વિસ્તરણ શિક્ષણ નિયામક**